ભાજપના કાઉન્સીલરોની બેઠક એકાએક રદ કરાતાં રાજકીય તર્ક વિતર્ક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકા ભારતીય જનતા પક્ષના કાઉન્સીલરોની આજે બોલાવાયેલી બેઠક એકાએક રદ કરવામાં આવતાં રાજકીય વર્તુળોમાં અનેક તર્કવિતર્ક વહેતા થવા લાગ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે સવારે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાની કચેરીમાંથી પક્ષના ચૂંટાયેલા સભ્યોની બેઠક બપોરે ૧.૩૦ વાગે યોજવામાં આવી હોઈ હાજર રહેવા માટેના એસ.એમ.એસ. કરવામાં આવ્યા હતા.

પરંતુ બપોરના સુમારે એકાએક જ આ બેઠક બંધ રાખી સોમવારે સવારે ૧૧.૩૦ કલાકે રાખવામાં આવી હોઈ સભ્યોને તેમાં અચૂક હાજર રહેવા જણાવાયું છે.

દરમ્યાન ભાજપના વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પક્ષના હોદ્દેદારો હાલ ન હોવાથી આ બેઠક કેમ બોલાવવામાં આવી? કોના કહેવાથી બોલાવાઈ? કેમ રદ કરવામાં આવી તેવા પ્રશ્નાર્થો સાથેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

ડેપ્યુટી મેયરની વરણી બાદ પક્ષના સભ્યોમાં જ ભારે નિરાશા પ્રવર્તતી હોવાથી સોમવારે બેઠક મળશે કે કેમ? તેને લઈ પણ શંકાઓ વ્યક્ત થઈ રહી છે.

ગાંધીનગર કોર્પોરેશનમાં ભાજપે ત્રણ બળવાખોર સભ્યોનો સાથ મેળવી કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લીધી છે. જો કે સ્ટેન્ડીંગ કમિટી તેમજ ડેપ્યટી મેયરની ચૂંટણી ભાજપે વિજયી મેળવ્યો છે.

પેટા-ચૂંટણીના પ્રચાર અભિયાનને લઈ કાઉન્સીલરોની બેઠક બોલાવવામાં આવી હોવાની વાતો પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર જીલ્લાના ખેડૂતો નીલગાય અને ભૂંડના ત્રાસથી ભારે પરેશાન

ગાંધીનગર, તા. ૨૪

દિવસોની આકરી મહેનત અને ઉછીના પૈસા લઈ મહા મહેનતે ઉગાડેલો પાકનો નીલગાય ને ભૂંડના ટોળા પળવારમાં જ નાશ કરી દે છે. છેલ્લા ઘણા વર્ષોથી આ પ્રાણીઓનો ત્રાસ જિલ્લામાં વધી રહ્યો છે. કૃષિ મહોત્સવ ચાલી રહ્યો છે ત્યારે નીલગાય અને ભૂંડના ત્રાસમાંથી ખેડૂતોને મુકિત મળે તેવી માંગ જિલ્લાના કૃષિકારો કરી રહ્યા છે.

ખેડૂતો પોતાના પગ ઉપર ઉભા રહી રાજયની પ્રગતિમાં ભાજ ભજવે તેવા ઉમદા આશયથી રાજય સરકાર દ્વારા છેલ્લા ૯ વર્ષથી કૃષિ મહોત્સવનો પ્રારંભ અખાત્રીજના દિવસથી કરવામાં આવે છે. આ મહોત્સવમાં અધિકારીઓ તેમજ કૃષિ વૈજ્ઞાનિકો દ્વરા ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે. હાલમાં ગાંધીનગર જિલ્લાના ખેડુતોને અતિ મુંઝવતો પ્રશ્ન નિલગાય (રોઝ) અને ભૂંડ છે. જે ખેતીના પાકને વ્યાપક પ્રમાણમાં નુકશાન કરે છે. આ પ્રશ્નનો કાયમી ઉકેલ રાજય સરકાર દ્વારા કરવામાં આવે તેવી જિલ્લાના ખેડુતોમાં માંગ ઉઠવા પામી છે.

જિલ્લામાં અત્યારે તબક્કાવાર તાલુકાની સીટ ઉપર કૃષિ મહોત્સવ અને કૃષિ રથનું આગમન થઈ રહ્યું છે. જેમાં ખેડૂતો ખુબ જ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા તેમને તેમના પાકમાં આવતા વિવિધ રોગનુંસ્થળ ઉપર જ યોગ્ય નિરાકરણ આપવામાં આવે છે. તેમજ વિવિધ ખેતી વિષયક સમસ્યા તથા તેના નિકાલ માટેની જાણકારી વૈજ્ઞાનિક ઢબે પરંતુ ખેડુત સમજી શકે તેવી સરળ ભાષામાં આપવામાં આવે છે. પરંતુ હાલ આ ખેડૂતોને વ્યાપક પ્રમાણમાં સતાવતો પ્રશ્ન એ નીલ ગાય અને ભૂંડનો છે. આ નીલગાય સરકાર દ્વારા અભ્યારણ્ય પ્રાણીમાં સામેલ કરેલ હોવાથી કોઈ પણ ખેડૂત એને મારી શકતો નથી અથવા તો તેમના ખેતરમાં નીલ ગાય મરેલી પડી હોય તો તેનો નાશ પણ વન વિભાગના અધિકારીઓ દ્વારા પી.એમ. કર્યા બાદ જ કરવામાં આવે છે. આ નીલ ગાય તથા ભૂંડ મુખ્યત્વે ઝુંડમાં ફરતા હોવાથી તેઓ પાકનો ખુબ બગાડ કરે છે.

ખેડૂતોએ ખૂબ મહેનત કરી ઉગાડેલો પાક નીલગાય અને ભૂંડના કારણે બગડે છે. મોલ આવવાની શરૂ થાય તે સાથે જ આ પ્રાણીના ઝૂંડ ખેતરોમાં ઘુસી જઈ ખેડૂતોની મહેનત પર પાણી ફેરવી દે છે. નીલગાય અને ભૂંડના ત્રાસથી દૂર રહેવા ઘણા ખેડૂતો પોતાના ખેતરની આસપાસ ફેન્સિંગ પણ કરાવે છે. પરંતુ બધા જ ખેડૂતો આ રસ્તો અપનાવી શકતા નથી.

ખેડૂતોને મુંઝવતા આ પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ આવે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગરના જાણીતા મહિલા અગ્રણી નિલમબેન કામદારનું અવસાન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના જાણીતા મહિલા અગ્રણી શ્રીમતી નીલબેન કામદારનું આજે બપોરે અવસાન થતા નગરની મહિલા સંસ્થાઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ

હતી. અખિલ ભારતીય નૈતિક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગરના પ્રમુખ નીલમબેન કામદારને આજે સવારે ૧૦.૩૦ કલાકે શ્વાસની તકલીફ ઉભી થતા વરિષ્ઠ ફિઝિશિયનનો સંપર્ક કરાયો હતો તેમની સલાહ મુજબ નીલમબેનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તાત્કાલિક લઈ જવાયા હતા જ્યાં માત્ર અડધા કલાકની સારવાર દરમ્યાન જ તેમનું અવસાન થયું હતું.

અવસાનના સમાચાર પ્રસરતા નગરના મહિલા આગેવાનો અને મિત્ર પરિવારો સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. મોડી સાંજે સેક્ટર-૧૯ના નિવાસસ્થાનેથી તેમની અંતિમ યાત્રા નીકળી હતી. મુક્તિધામ ખાતે સદ્‌ગતનો અંતિમ સંસ્કાર કરાયો હતો.

ગાંધીનગર શહેરની તમામ સામાજિક અને મહિલા સંસ્થાઓમાં સતત સક્રિય રહેતા નિલમબેન કામદારનો ૨૬મીએ ૭૭મા જન્મદિવસની સરપ્રાઈઝ ઉજવણીની તૈયારીઓ મહિલા કર્કરો દ્વારા થઈ રહી હતી. ગાંધીનગર લાયોનેસ ક્લબના તેઓ પૂર્વ પ્રમુખ હતા. જ્યોતિ મહિલા મંડળમાં સક્રિય ભૂમિકા અદા કરતા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમ, શીવરંજની અને કલા ગુર્જરી જેવી સાંસ્કૃતિક સંસ્થાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

મનપામાં કર્મચારીઓને જ સુવિધા નથી : હર્ષજીત પંડ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર કોર્પોરેશનમાં વેરા ભરવા માટે આવતા વસાહતીઓને બેસવાની તેમજ ગરમીથી બચવા કર્મચારીઓને પડદા પણ નહિ લગાવવાના તંત્રના વલણની કાઉન્સીલર શ્રી હર્ષજીત પંડ્યાએ આકરી ટીકા કરી છે. તેમણે આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે કોર્પોરેશનમાં ભોયતળિયે આવેલ બારીના કાચમાંથી સીધો તડકો કર્મચારીઓ અને વેરા ભરવા આવેલા વસાહતીઓ પર આવતો હોય છે. આ સામે બેસવાની કે તડકાથી બચવા કર્મચારીઓ માટે પડદાની પણ જોગવાઈ કરાઈ નથી પરિણામે કોમ્પ્યુટર પર જોવાની પણ ઘણીવાર તકલીફો ઉભી થાય છે.

વિકાસની વાતો કરતી ભાજપ સરકાર કર્મચારીઓને બેસવા માટેની સુવિધા પણ પુરી પાડી શકતી નથી તે દુઃખ હોવાનું શ્રી પંડ્યાએ જણાવ્યું છે. તેમણે આ કેન્દ્રમાં બેસવા માટે તેમજ પીવાના પાણી માટે કુલર મુકવામાં આવે તેવી માંગ કરી છે.

ગરમીમાં વધુ ઘટાડો : પારો ૪૧.૫ ડિગ્રી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સતત ત્રીજા દિવસે ગરમીમાં અંશતઃ ઘટાડો નોંધાયો હતો. ગઈકાલ કરતાં ૧ ડિગ્રીથી વધુ ઘટાડો તાપમાનમાં થતાં નાગરિકોને નજીવી રાહત અનુભવાતી હતી. જોકે છેલ્લા ૧૨ દિવસથી પારો ૪૦ ડિગ્રીથી ઉપર રહેતાં ગરમીનો ત્રાસ જનજીવન પર વર્તાતો હતો. સાંજે પછી વાતાવરણમાં પવન છૂટતાં ઠંડક અનુવાતી હતી. હવામાન શાસ્ત્રીઓના મત અનુસાર એકાદ-બે દિવસમાં તાપમાન ૪૦ ડિગ્રીથી પણ નીચે ઉતરી જશે અને આગામી સપ્તાહમાં પવન અને વાવાઝોડાથી વાતાવરણમાં પલ્ટો આવશે. પ્રિ-મોન્સુન એક્ટિવીટી આરંભાશે.

મનપામાં કોંગ્રેસને કાર્યલાયની જગ્યા ફાળવવા આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકામાં આજે કાઉન્સિલરોને બેસવાની જગ્યાની માંગણી સાથે કોંગ્રેસના કાઉન્સીલરોએ

(તસવીર : દિપક જાની)

મ્યુનિ. કમિશનરશ્રી લલિત પાડલિયાને આવેદનપત્ર આપ્યું છે.

આજે બપોરે બાર વાગે કોંગ્રેસના કાઉન્સિલરો શહેર પ્રમુખશ્રી મુકેશ પટેલ અને પ્રદેશમંત્રી શ્રી વિક્રમસિંહ ખાચરના નેતૃત્વમાં કમિશનરશ્રીને રૂબરૂ મળી આ આવેદન પત્ર આપ્યું હતું.

આવેદન પત્ર કમિશ્નરશ્રીને આપ્યા બાદ કોંગ્રેસના સભ્યોએ કમિશ્નરશ્રીની કચેરી બહાર ભાજપ અને મોદી વિરોધી સૂત્રો પોકાર્યા હતા.

સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે ભાજપ ઈર્ષ્યાવૃત્તિ સાથે અધર્મનો પક્ષ લઈ રાજકીય દાવપેચ ખેલી રહી છે. તેમણે જણાવ્યું કે કોંગ્રેસ પક્ષ સત્તાધારી પક્ષ પણ નથી અને વિપક્ષ પણ નથી. તેવા સંજોગોમાં કોંગ્રેસના કાઉન્સીલરોને બેસવા માટેની જગ્યા કમિશ્નરશ્રીએ ફાળવવી જોઈએ તેવી અમારી માંગ છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે અમે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે વિપક્ષના નેતા શ્રી મનુભાઈ પટેલની ચેમ્બર જગ્યાની સંકડાશ હોવા છતાં અમારી બાજુમાં તેમની ચેમ્બર બનાવી બેસવાની સુવિધા આપી હતી. વર્તમાન શાસકો આ પરંપરાને પણ ભૂલ્યા છે એનુ અમને દુઃખ છે અને એટલે જ આજે કમિશ્નરશ્રીને રૂબરૂ મળી અમે આવેદન પત્ર આપ્યું છે.

કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરોએ તેમના આવેદનપત્રમાં કોર્પોરેશનના રાજકીય આટાપાટાઓથી પર ઉઠીને જગ્યા ફાળવવા માંગ કરવામાં આવી છે.

આ આવેદન પત્ર પર શ્રીમતિ ભાવનાબા વાઘેલા, શ્રીમતિ મીનાબેન વાઘેલા, શ્રી પ્રવિણ પટેલ, શ્રી જીતુ રાયકા, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી ચિમનભાઈ વિંઝુડા, શ્રી હસમુખભાઈ મકવાણા, શ્રી નામદેવ વરસાત સહિતના સભ્યોએ સહિઓ કરી છે.

જિલ્લાની તમામ જી.આઈ.ડી.સી., આઈ.ટી.આઈ. અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળાઓ

ક્રમ	તારીખ	સમય	સ્થળ
૧.	૨૭/૫/૨૦૧૩ સોમવાર	૧૨-૦૦ કલાકે	પ્લોટ : બી-૨૩/૨/૧ અને ૨, જી.આઈ.ડી.સી. (ગેઝીયા)ની ઓફીસ, સેક્ટર-૨૫, ગાંધીનગર.
૨.	૨૮/૫/૨૦૧૩ મંગળવાર	૧૨-૦૦ કલાકે	પ્લોટ : બી-૨૩/૨/૧ અને ૨, જી.આઈ.ડી.સી. (ગેઝીયા)ની ઓફીસ, સેક્ટર-૨૫, ગાંધીનગર.
૩.	૨૯/૫/૨૦૧૩ બુધવાર	૧૨-૦૦ કલાકે	ફેસીલીટી સેન્ટર, પાણીની ટાંકી પાસે, જી.આઈ.ડી.સી., માણસા, જિ. ગાંધીનગર
૪.	૩૦/૫/૨૦૧૩ ગુરૂવાર	૧૨-૦૦ કલાકે	જી.આઈ.ડી.સી. એસોસીએશન, કેન્ટીન કંપાઉન્ડ, વર્ધમાન હાઈસ્કૂલની પાછળ, દહેગામ, જિ. ગાંધીનગર
૫.	૩૧/૫/૨૦૧૩ શુક્રવાર	૧૨-૦૦ કલાકે	પ્રિયા એવન્યુ, ફેઝ-૧, એસીયન મીલની બાજુમાં, જીઆઈડીસી, છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર
૬.	૧/૬/૨૦૧૩ શનિવાર	૧૨-૦૦ કલાકે	એસોસીએશન હોલ, પ્લોટ-૬૫/૬૬, કલોલ નાગરિક સહકારી બેંક કંપાઉન્ડ, જીઆઈડીસી કલોલ, જિ. ગાંધીનગર

ગુજરાત રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં નવા એકમો સ્થાપિત થઈ રહ્યા છે તથા ઔદ્યોગિક વિકાસ ઝડપથી થઈ રહ્યો છે. આ માટે સ્થાપિત એકમોમાં કુશળ, અર્ધકુશળ કારીગરો, વહીવટી તથા ટેકનીકલ સ્ટાફની જરૂરિયાત અંગે સર્વે કરીને રોજગારીની દિશામાં વધુ એક સિમાચિન્હ પહેલરૂપે સ્વામી વિવેકાનંદ યુવા રોજગાર સપ્તાહ (તૃતિય તબક્કો) અંતર્ગત ઔદ્યોગિક ભરતીમેળા યોજીને નોકરીદાતા તથા રોજગારવાંચ્છુ વચ્ચે સેતુરૂપ બનીને ઉક્ત જણાવેલ તારીખે અને સ્થળોએ રોજગાર ભરતીમેળાનું આયોજન કરેલ છે.

રોજગારવાંચ્છુ ઉમેદવારોને ફાયદાઓ :

ભરતી અંગેની સેવાઓ તદ્દન નિઃશુલ્ક છે. નોંધાયેલ જગ્યાઓ સહિત અન્ય જગ્યાઓ સામે રોજગારવાંચ્છુઓને પ્રચારપત્રિકા રવાના કરેલ છે. જેથી મોટી સંખ્યામાં રોજગારવાંચ્છુ ઉમેદવારો ઉપસ્થિત રહી નોકરીની પસંદગી માટે બહોળો અવકાશ મેળવશે.

નોકરીદાતાશ્રી અથવા પ્રતિનિધિશ્રી ઉક્ત રોજગાર ભરતીમેળાના સ્થળે ઉપસ્થિત રહીને ઉમેદવારોની પ્રિસ્ક્રુટીની કરશે. આશા છે કે, આપ સહભાગી થશો.

વધુ માહિતી માટે હમણાં જ સંપર્ક કરો.

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર

'ડી' બ્લોક, બીજો માળ, મહાનગર સેવા સદન, પલિકાક્રમ પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧
ફોન : (૦૭૯) ૨૩૨૫૦૭૮૮/૭૯/૮૦/૨૩૨૫૫૫૧ ફેક્સ : (૦૭૯) ૨૩૨૨૦૬૬૬
website : www.talimrojgar.org. • Email : dee-gnr@gujarat.gov.in

સહી/-
(જેસ. જી. ગામીન)
રોજગાર અધિકારી (વ્યવસાય માર્ગદર્શન)
જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર

માહિતી/૩૮૯/૧૩-૧૪

બેસણું

અમારા ધર્મપત્ની **શ્રીમતી વંદના શ્રીકાંત જોષી**નું ગુરૂવાર તા. ૨૩/૫/૧૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું સોમવાર તા. ૨૭/૫/૧૩ના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૪૦૨, આયુર્વેદક દવાખાના સામે, સેક્ટર-૨૯, ગાંધીનગર.

લિ.

અજીત જોષી — **શ્રીકાંત જોષી**
મેઘા જોષી — **સંગીતા સોલેગાંવકર**
અભિષેક જોષી — **સ્મિતા વર્મા (પુત્રી)**
પ્રીતી જોષી

પાંચગામ લેઉઆ પાટીદાર બેસણું

મારા સુપુત્ર શ્રી રમેશચંદ્ર ભાઈલાલભાઈ અમીન (પૂર્વ ચેરમેન, ગાંધીનગર નાગરિક કો.ઓ.બેંક લિ.) તા. ૨૧-૫-૨૦૧૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૬/૫/૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : આશ્રમણી પાદીની વાડી, મુ. પો. મણુંદ, તા. જી. પાટણ, (ઉ.ગુ.), મો. : ૯૩૭૪૦ ૦૬૯૮૬

ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ અમીન (પિતા)	તેજસ રમેશચંદ્ર અમીન (પુત્ર)
હર્ષદભાઈ ભાઈલાલભાઈ અમીન (ભાઈ)	નિલેશ રમેશચંદ્ર અમીન (પુત્ર)
વિરલભાઈ ભાઈલાલભાઈ અમીન (ભાઈ)	વિશ્વેસ રમેશચંદ્ર અમીન (પુત્ર)
કશ્યપ હર્ષદભાઈ અમીન (ભત્રીજો)	તેજલ વિપુલકુમાર મોદી (પુત્રી)

લોહાણા ઉઠમણું/બેસણું તથા સાદડી

સ્વ. રમેશભાઈ સી. ભુપતકર (ઉ.વ. ૭૨) (નિવૃત્ત ચીફ રીપોર્ટર, ગુ. વિધાનસભા, ગાંધીનગર) તે સ્વ. ચત્રભુજ દામજી ભુપતકરના પુત્ર તથા મહેશભાઈ આર. ભુપતકર (જીઈબી દહેગામ રૂરલ - નાયબ ઈજનેર)ના પિતાશ્રી અને સ્વ. નાનજી પોપટલાલ ગણાત્રાના જમાઈનું તા. ૨૪-૫-૨૦૧૩ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું / બેસણું તથા પીયરપક્ષની સાદડી તા. ૨૫-૫-૧૩ના રોજ સાંજે ૫.૩૦ થી ૬.૩૦, સેક્ટર-૮ ત્ર્યંકેશ્વર મહાદેવના મંદિર પાસે, ગાંધીનગર ખાતે રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. : ૪૬૮/૫, સેક્ટર-૮/બી, ગોકુલ સોસાયટી, ગાંધીનગર

લી.

મથુરદાસ દામજી ભુપતકર (કાકા)	રાજેશ એમ. ભુપતકર (ભત્રીજા)
મનુભાઈ સી. ભુપતકર-રાજકોટ (ભાઈ)	હરેશ સી. ભુપતકર (ભત્રીજા)
ચીમનભાઈ સી. ભુપતકર-રાજકોટ (ભાઈ)	મેહુલ સી. ભુપતકર (ભત્રીજા)
ડો. હર્ષદ એમ. ભુપતકર (ભાઈ)	કુંજ એમ. ભુપતકર (પૌત્ર)
	મીત એમ. ભુપતકર (પૌત્ર)

તથા ગણાત્રા પરીવાર (પીયરપક્ષ)



બેસણું

મારા ધર્મપત્ની અ.સૌ. **ભીખુબા સતુજી વાઘેલા** તા. ૨૩-૫-૨૦૧૩ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું બેસણું તા. ૨૭-૫-૨૦૧૩ને સોમવારના રોજ સવારે ૧૦-૩૦ થી સાંજના ૪-૩૦ કલાક** દરમિયાન અમારા નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન :
મુ. પો. લેકાવાડા
તા. જી. ગાંધીનગર

વાઘેલા સતુજી જેસંગજી
(નિવૃત્ત સીનીયર ક્લાર્ક, પા.યો. ભવન)
સ્વ. વાઘેલા જુજારજી જેસંગજી
વાઘેલા મનહરસિંહ જુજારજી
(ઈન્કવાયરી, સે.૨૨)
વાઘેલા રણજીતસિંહ જુજારજી
(ઈન્કવાયરી, સે.૧૫)
વાઘેલા મહેન્દ્રસિંહ સતુજી

બેસણું

અમારા પૂત્ર મોહનભાઈ શ્રી અમૃતભાઈ ભાઈચંદદાસ પટેલ (રીટાયર્ડ મામલતદાર)નું દુઃખદ અવસાન તા.૨૨-૫-૨૦૧૩ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૬-૫-૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બાલાજી ભવન ઉવેશ્વરમહાદેવ મંદિર પાસે, પલિકામ સામે, સેક્ટર-૧૯, ગાંધીનગર.

દીનાબા અમૃતભાઈ પટેલ લિ. — રમેશભાઈ ભાઈચંદદાસ પટેલ
પૂર્વ પ્રમુખ, ગા.જી.બા.બે.લિ.
મહેશભાઈ ભાઈચંદદાસ પટેલ
નાયબ કલેક્ટર

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે
(વૈશાખ સુદ - પૂનમ)

આપનો મળતાવડો સ્વભાવ, સિંહ જેવી ગર્જના, બીજાને મદદ કરવાની ભાવના, ધર્મ પ્રત્યે ભાવ રાખનાર, પરોપકારી, હસમુખો સ્વભાવ, સદાય માટે આવકાર આપનાર, કુટુંબને મદદ કરનાર, દવે પરિવારના હૃદયરૂપી, ચરણસ્પર્શી, આપના આશીર્વાદ સદાય માટે અમારા પરિવારમાં રહે તેવી હૃદયરૂપી શ્રદ્ધાંજલિ....

લી.

તુષાર જે. દવે	ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે (પત્ની)
પ્લોટ નં. ૨૪૨/૨,	જતીન જે. દવે (પુત્ર)
સે.૩એ-ન્યૂ, ગાંધીનગર	હેમંત જે. દવે (પુત્ર)

હૃદયાંજલી

પરમ પૂજ્ય, પરમ્ શ્રધ્ધેય અને પરમ્ પુનિત

શ્રી નાથાભાઇ હરજીવન જોષી, ગોંડલ

જન્મ તા.૪-૧૦-૧૯૨૦, સોમવાર — સ્વ.તા.૧૯-૫-૨૦૧૩, રવિવાર

માં ! આપના પાવન ચરણ કમળની ચરણ રજ બન્યા પછી આપે વરસાવેલ સ્નેહ સભર આર્શિવચન '' આનંદમાં રહો, આનંદ લૂંટાવો, આનંદનો ભંડાર અતૂટ / અક્ષય રહે '' આ અમૃતવાણીના આપના આર્શિવાદ સદૈવ અમારા પરિવાર તથા સમગ્ર જગત ઉપર અમી વર્ષારૂપે વરસતા રહે એ જ પ્રાર્થના... જય માં ! જય રમાનાથ !

સ્વ મધુસુદન કૃષ્ણલાલ છત્રપતિ	સ્વ. ઇલા મધુસુદન છત્રપતિ
રાહુલ મધુસુદન છત્રપતિ	દિવ્યા રાહુલ છત્રપતિ
મૌલેષ રાહુલ છત્રપતિ	ઋષભ રાહુલ છત્રપતિ

ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com